**ફોજદારી પરચુરણ અરજી નં–૬૬/૨૦૨૬ ,આતરસુંબા પોસ્ટે ગુ. ર. નં–૧૧ ૨૦૪૦૦૬૨૬૦૦૩૯/૨૦૨૬, પ્રોહી એકટની કલમ–૬૫ એ એ ના કામે અરજદાર ઉષાબેન સંદિપગિરી ગોસાઈની મુદ્દામાલ અરજી લગત હુકમ.**

અરજદારના વિ.વ.શ્રીને સાંભળ્યા, મુદ્દામાલ અરજી, મુદ્દામાલ પાવતી, રીકવરી પંચનામુ તથા મુદ્દામાલના સંલગ્ન દસ્તાવેજો વંચાણે લીધા તથા ત.ક.અધિકારીશ્રીનો મુદ્દામાલ અંગેનો અભિપ્રાય વંચાણે લીધો.

હાલના કામે અરજદાર ઉષાબેન સંદિપગિરી ગોસાઈ ધ્વારા મુદ્દામાલ વાહન હોન્ડા કંપનીની એકટીવા કે જે સફેદ કલરની કે જેનો આર.ટી.ઓ. રજી. નં.જીજે ૦૭ એફ.સી. ૨૩૯૭ કે જેનો ચેસીસ નં. ME4JK362DSW233442 તથા એન્જીન નં. JK36EW2233536 પોલીસ દવારા આ કામના આરોપી પાસેથી પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ હોય, જે પરત મેળવવા અરજદારે હાલની અરજી કરેલ છે. અરજદારે મુદ્દામાલ અરજી સાથે મુદ્દામાલ વાહનની આર.સી.બુકની નકલ, અરજદારનુ આધાર કાર્ડની નકલ, એફ. આઈ. આર.ની નકલ, ઈન્સ્યોરન્સની નકલ તેમજ લોન કંપનીની એન.ઓ.સી તેમજ આરોપીની નોકલેઈમ પુરસીસ સામેલ રાખેલ છે. આ દસ્તાવેજો ધ્યાને લીધા બાદ અરજદારના નામે સદરહુ મુદ્દામાલ વાહન હોન્ડા કંપનીની એકટીવા કે જે સફેદ કલરની કે જેનો આર.ટી.ઓ. રજી. નં.જીજે ૦૭ એફ. સી. ૨૩૯૭ કે જેનો ચેસીસ નં. ME4JK362DSW233442 તથા એન્જીન નં. JK36EW2233536 અરજદારની માલીકીની હોવાનું પ્રથમ દર્શનિય જણાય આવે છે. આ કામે ચાર્જશીટ થયેલ નથી અને અરજી અંગે તપાસ કરનાર અમલદારે અભિપ્રાય આપેલ છે કે, મુદ્દામાલ અરજદારને સોંપવામાં આવશે તો અરજદારે આરોપીને સદરહું એકટીવા પર ભારતીય બનાવટનો વિદેશી દારૂ લઈ જવા માટે આપેલ હોય અને પકડાઈ ગયેલ હોય અને સદરહું ગુનો આચરેલ હોય જેથી મુદ્દામાલ અરજદારને પરત સોંપવામાં આવે તો ફરીથી આવો ગંભીર પ્રકારનો ગુનો આચરે તેવી શકયતા રહેલી હોય જેથી સદર અરજદારને મુદ્દામાલ વાહન પરત ન સોંપવા અભિપ્રાય આપેલ છે. પરંતુ તપાસ કરનાર અમલદાર મુદ્દામાલ વાહન તપાસના કામે જરૂરીયાત છે તેવુ જણાવેલ નથી. વધુમાં સદર કેસનો નિકાલ થતા ઘણો સમય જાય તેમ છે આથી મુદ્દામાલનો યોગ્ય રીતે નિકાલ કરવામાં ન આવે તો મુદ્દામાલ વાહનની બોડી

તથા એન્જીનને નુકશાન થાય તેમ છે.

આમ સર્વગ્રાહી રીતે અરજીની હકીકતો તથા તેને સંલગ્ન ડોકયુમેન્ટો ધ્યાને લેતા અને નામદાર સર્વોચ્ચ અદાલતે સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિરુધ્ધ ગુજરાત રાજયના કેસમાં આપેલ ચુકાદાને પણ લક્ષમાં લેતા અને રજુ દસ્તાવેજો ધ્યાને લેતા અરજદારને ઉપરોકત મુદ્દામાલ વાહન હોન્ડા કંપનીની એકટીવા કે જે સફેદ કલરની કે જેનો આર.ટી.ઓ. રજી. નં.જીજે ૦૭ એફ. સી. ૨૩૯૭ કે જેનો ચેસીસ નં. ME4JK362DSW233442 તથા એન્જીન નં. JK36EW2233536 ની વચગાળાની કસ્ટડી તરીકે અરજદારને સોંપવામાં ન્યાયોચીત જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –: હુકમ :–

અરજદાર **ઉષાબેન સંદિપગિરી ગોસાઈ** નાઓએ થાણા અમલદાર, આતરસુંબા પો.સ્ટે સમક્ષ મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ વાહન હોન્ડા કંપનીની એકટીવા કે જે સફેદ કલરની કે જેનો આર.ટી.ઓ. રજી. નં.જીજે ૦૭ એફ. સી. ૨૩૯૭ કે જેનો ચેસીસ નં. ME4JK362DSW233442 તથા એન્જીન નં. JK36EW2233536 કિંમતના દોઢી રકમના જામીન તથા જાત મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન અરજદારને મુદ્દામાલ વચગાળાની કસ્ટડી તરીકે સોંપવો.

**શરતો :–**

૧. અરજદારે મુદ્દામાલ વાહન કેસની ટ્રાયલ પુરી ન થાય ત્યાં સુધી કોઈને ટ્રાન્સફર, ગીરો કે બક્ષીસ કે વેચાણ કે કોઈપણ પ્રકારે તબદીલ કરવો નહી.

૨. અરજદારે મુદ્દામાલ વાહનની ઓળખમાં કે સ્વરૂપમાં કોઈ પણ પ્રકારે ફેરફાર કરવો નહી.

૩. અરજદારે સ્વખર્ચે મુદ્દમાલ વાહનની ચારે તરફના ફોટોગ્રાફ્સ લઈ તપાસ કરનાર અમલદારશ્રીને સોંપવાના રહેશે.

૪. અરજદારે મુદ્દામાલ વાહન જયારે અને જયાં કોર્ટ ફરમાવે ત્યારે મુદ્દામાલ રજુ કરવાનો રહેશે.

૫. અરજદારે પોતાના રહેણાંકનું સરનામુ મોબાઈલ નંબર સાથે લેખીતમાં રજુ કરવુ.

આ હુકમની જાણ અંગેની યાદી લગત પો. સ્ટે. કરવી, તપાસ કરનાર અધિકારીએ સદરહુ મુદ્દામાલ વાહન હોન્ડા કંપનીની એકટીવા કે જે સફેદ કલરની કે જેનો આર.ટી.ઓ. રજી.નં. જીજે– ૦૭ – એફ.સી. –૨૩૯૭ કે જેનો ચેસીસ નં. ME4JK362DSW233442 તથા એન્જીન નં. JK36EW2233536 ની ખરાઈ કર્યા બાદ ઉપરના હુકમ મુજબ સોંપવા અને જામીનના કાગળો તપાસના અંતે રીપોર્ટ સાથે મોકલવા.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ : કપડવંજ
તારીખ: ૦૬/૦૩/૨૦૨૬

**(એમ.આર.શુકલા)**
એડી. ચીફ જયુ. મેજી.,કપડવંજ.
જીજે ૦૦૬૮૧